"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

**AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION**

૭૫, सहजानंद शोपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदाबाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૭-૨૦૧૮/૧૯ તા.૧૫-૦૪-૨૦૧૭

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માનનીયશ્રી આર.એમ. જાદવ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**વિષય :- તા.૧૫-૦૪-૨૦૧૭ સુધી લમસમ ટેક્ષ ભરવાની કોમ્પ્યુટર સીસ્ટમ વ્યવસ્થા ન ગોઠવાઈ હોઈ તેની વિગત**

માનનીયશ્રી,

આપને અમારા તા.૧૪-૦૪-૧૭ના પત્રના અનુસંધાને જણાવવાનું કે અમોએ આજરોજ અમદાવાદ આર.ટી.ઓ. અને ગાંધીનગર આર.ટી.ઓ.ની મુલાકાત લઈ લમસમ ટેક્ષ ભરવા બાબતેની પ્રથા અંગે સ્થળ ઉપર જઈ માહીતી મેળવેલ અને ત્યારબાદ તે બાબતોની જાણકારી આપવા આપની ઓફિસમાં પણ આવેલ અને શ્રી વાઘેલા સાહેબ તેમજ શ્રી પંડયા સાહેબ જોડે ચર્ચા કરેલ. આ બાબતે આપને આપવાની જાણકારી નીચે મુજબ છે અને તે અંગેની દરખાસ્ત પણ અમે લેખીતમાં રજુ કરીએ છીએ.

૧. તા.૦૧-૦૪-૨૦૧૭ પહેલા રજીસ્ટર્ડ થયેલા ૭૫૦૦ કિ.ગ્રા. થી વધુ જીવીડબલ્યુ વાળા કોમર્શીયલ વાહનોમાં રાજય સરકારના બજેટની દરખાસ્ત પ્રમાણે મરજીયાત પણે લમસમ ટેક્ષની વ્યવસ્થા જાહેર કરવામાં આવેલ અને તે ટેક્ષ ભરવા માટેની સમયમર્યાદા આપના જાહેરનામા પ્રમાણે તા.૨૦-૦૪-૨૦૧૭ સુધી કરવામાં આવેલ, પણ આજરોજ તા.૧૫-૦૪-૨૦૧૭ સુધી આપણાં રાજયમાં આવેલી એકપણ આર.ટી.ઓ. કચેરીમાં લમસમ ટેક્ષ ભરવા ઈચ્છિત વાહનમાલીકોનો લમસમ ટેક્ષ કોમ્પ્યુટર સીસ્ટમની અડચણને લીધે ભરી શકાયો નથી.

વધુમાં આપને વિદીત થાય કે આર.ટી.ઓ. કચેરીમાં કોમ્પ્યુટર સીસ્ટમ તા.૦૧-૦૪-૧૭થી તા.૩૦-૦૪-૧૭ સુધીનો માસીક ટેક્ષ ભરે ત્યારબાદ તા.૦૧-૦૫-૧૭ થી લમસમ ટેક્ષની ગણતરી કરે છે અને તેથી લમસમ ટેક્ષ ભરવા ઈચ્છતા વાહનમાલીકોને વધારાનો એક માસનો ટેક્ષ ભરવાનું કહેવામાં આવે છે અને સાથે એમ પણ કહે છે કે તેનુ રીફંડ મળશે નહી.

૨. આપ જાણો છો તેમ ઘણા સમય પહેલા જયારે ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ સુધીના વાહનોમાં લમસમ ટેક્ષની પ્રથા દાખલ કરાઈ ત્યારે તે રકમ જે-તે વર્ષમાં બે હપ્તામાં ભરવાની જોગવાઈ જાહેર થયેલ. જયારે આ વખતે મોટા વાહનોમાં કે જયાં લમસમ ટેક્ષની રકમ ગાડીની કિંમતના પ્રમાણમાં વધુ થાય છે ત્યારે તેનો ટેક્ષ ભરવામાં કોઈપણ હપ્તાની જોગવાઈ કરવામાં આવેલ નથી તો તે અંગે યોગ્ય કરવા આપને વિનંતી કરીએ છીએ.

આ સમયે આપને અમારી દરખાસ્ત છે કે તા.૧૭-૦૪-૨૦૧૭થી તા.૨૦-૦૪-૨૦૧૭ એટલેકે (૪) ચાર દિવસનો ગાળો લમસમ ટેક્ષ ભરવા ઈચ્છતા વાહનમાલીકો માટે ખુબ જ ટુંકો છે અને તે પણ જો તા.૧૭-૦૪-૧૭ના રોજ કોમ્પ્યુટર સીસ્ટમની વ્યવસ્થા ગોઠવાઈ જાય તો, નહીંતર ૨૦૧૭-૧૮નો લમસમ એડવાન્સ ટેક્ષ નહી ભરી શકાય અને વાહનમાલીકોને પેનલ્ટી/વ્યાજ ભોગવવું ન પડે તે માટે આપશ્રીને વિનંતી છે કે લમસમ ટેક્ષ ભરવાની મુદત તા.૩૦-૦૪-૨૦૧૭ સુધી લંબાવવી જોઈએ અને તા.૨૦-૦૪-૧૭ સુધીમાં તે અંગેની કોમ્પ્યુટર સીસ્ટમમાં વ્યવસ્થા કરાવવી જોઈએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(માનદમંત્રી)

નકલ રવાના : ૧.માન.શ્રી જે.એન. વાઘેલા સાહેબ-ઓએસડી (પ્રોજેકટ), ગાંધીનગર, ગુજરાત રાજ્ય.
૨.માન.શ્રી એસ.સી.પંડયા (પ્રોસેકયુટર), ગાંધીનગર, ગુજરાત રાજ્ય.